
# સાહિત્યોત્સવ



સહયોગ

ગુજરાત literature festival

સહયોગ

ગુજરાત Literature festival

શારદા મંદિરના સાહિત્યિક ખજાનાની
ઉજવણી કરતો સમૃદ્ધ ઉત્સવ એટલે

# સાહિત્યોત્સવ

**1st December 2023 - Friday**
2:00 pm to 6:00 pm

**2nd December 2023 - Saturday**
9:00 am to 7:00 pm

at **SHARDA MANDIR**

CELEBRATING 100 YEARS OF SHARDA MANDIR
શારદા મંદિર
૧૦૦
અમદાવાદ
મારી શાળા. મારું ગૌરવ.

**શારદા મંદિર**
**શતાબ્દી વર્ષ**
**ઉપક્રમે**

**સાહિત્યોત્સવ**
**1 ડિસેમ્બર 2023**
**શુક્રવાર**

**બપોરે 2:00 થી 3:15**

પ્રાર્થના - હિલ્પન શાહ
દીપ-પ્રાગટ્યથી શરૂઆત.
ઈ-લોન્ચ - શારદામંદિરનું સાહિત્ય - શારદામંદિરનું બાળસંગીત સંગીત શિક્ષકોને અંજલિ
' હું, સાહિત્યસર્જક ' - ' ફેન્સી ડ્રેસ કોમ્પીટીશન ' - લોકગીતોની પ્રસ્તુતિ

**બપોરે 3:15 થી 3:30**

ફેન્સી ડ્રેસ કોમ્પીટીશનના નિર્ણાયકોનો નિર્ણય
[ નિર્ણાયકો : ચારુગીતાબહેન તથા દમયંતીબહેન શુક્લ ]

**બપોરે 3:30 થી સાંજે 4:15**

સુધાબહેન ભટ્ટ અને ગૃપ - વાર્તા રે વાર્તા [ Above 10 Years ]
અનુરાધા દેરાસરી - વાર્તા રે વાર્તા [ Below 10 Years ]

**સાંજે 4:15 થી 5:00**

રામ મોરી - સાથે વાર્તાલાપ [ Above 10 Years ]
નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ - બાળફિલ્મ પ્રસ્તુતિ [ Below 10 Years ]

**સાંજે 5:00 થી 5:45**

અર્ચન ત્રિવેદી - વાતનું વતેસર - નાટક [ All Age Group ]

**બપોરે 3:00 થી સાંજે 6:00 [ Concurrent Program ]**

હાર્ટફુલનેસ [ શ્રી રામચંદ્ર મિશન ] યોગ, ધ્યાન, Vedic Stories

સા હિ ત્યો ત્સ વ
DAY ONE
શારદામંદિર

**શારદામંદિરના પ્રાંગણમાં**

સહયોગ
ગુજરાત Literature festival

**શારદા મંદિર શતાબ્દી વર્ષ ઉપક્રમે**

**સાહિત્યોત્સવ**
**2 ડિસેમ્બર 2023**
**શનિવાર**

**સવારે 9:15 થી 10:00**

ચિંતનભાઈ ભટ્ટ - ચાંદામામા, સૂરજદાદા [ All Age Group ]

ચન્દ્રયાન અને આદિત્ય-L1 ની રસપ્રદ વાતો

**સવારે 10:00 થી 10:45**

પાર્થિવી અધ્યારૂ - સ્વાસ્થ્ય અને સફળતાની જાદુઈ ચાવી - શ્લોકાવલિ [ Above 10 Years ]

શારદામંદિરના ગીતો - હેતલ રાવલ [ below 10 years ]

**સવારે 10:45 થી 11:30**

નયનાબહેન સોપારકર - કલા-સંવાદ [ Above 10 Years ]

મોનાબહેન શોધન - કાગળની કરામત - Origami Art [ Below 10 Years ]

**સવારે 11:30 થી 12:15**

સુધાબહેન ભટ્ટ અને પાર્થિવી અધ્યારૂ ' ક ' કક્કાનો ' ક ' [ ગુજરાતી ગેમ-શો - All Age Group ]

**બપોરે 12:15 થી 1:00**

RJ પૂજા, જુમાના - વિધાર્થીઓ સાથે ગોષ્ઠિ - મોડર્ન એજ - કરિઅર.

What to be or not to be, Careers with language, literature & creativity

Journalism, RJing, Bookwriter, Screenwriter, Youtuber etc [ Above 10 Years ]

**BREAK**

સાહિત્યોત્સવ DAY TWO શારદામંદિર

**શારદામંદિરના પ્રાંગણમાં**

સહયોગ

ગુજરાત literature festival

**શારદા મંદિર**
**શતાબ્દી વર્ષ**
**ઉપક્રમે**

**સાહિત્યોત્સવ**
**2 ડિસેમ્બર 2023**
**શનિવાર**

**બપોરે 1:45 થી 2:30**

ઉત્પલ ભટ્ટ - જાણકારી : નવી એજ્યુકેશન પોલિસી

યામિની પટેલ - ચાલો આપણે એક વાર્તા લખીએ

**બપોરે 2:30 થી 3:30**

અદિતિ ઠાકોર - Film Making

**બપોરે 3:30 થી સાંજે 4:15**

શ્યામ પારેખ, અમર ભટ્ટ, રાજેન્દ્ર પટેલ, અર્ચિત જાની

રુડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું - પેનલ ડિસ્કશન

**સાંજે 4:15 થી 5:00**

તુષાર શુક્લ - ‘ ક કાળજીનો ક ‘ વાલી, શિક્ષક અને બાળક : અનોખો ત્રિવેણી સંગમ

**સાંજે 5:00 થી 5:45**

સૌમિલ શાહ - Relevance of Science Fiction

**સાંજે 5:45 થી 6:15**

ડો. પ્રશાંત ભીમાણી - ' અદભુત ' નાટકનો પરિચય

**સાંજે 6:15 થી 7:15**

આર.જે. દેવકી, મનોજ શાહ - નાટક ' અદભુત '

**For Invitees Only**

Note : All Sessions For Higher Standards.

**સવારે 10:00 થી સાંજે 6:00 [ Concurrent Program ]**

હાર્ટફુલનેસ [ શ્રી રામચંદ્ર મિશન ] યોગ અને ધ્યાન


સા હિ ત્યો ત્સ વ
DAY TWO
શા ર દા મં દિ ર

**શારદામંદિરના પ્રાંગણમાં**

**સહયોગ**

ગુજરાત literature festival

## શારદા મંદિર
## શતાબ્દી વર્ષ



# સાહિત્યોત્સવ

**1લી ડિસેમ્બર 2023 - શુક્રવાર બપોરે 2:00 વાગ્યે**

પ્રાર્થના

## હિલ્પન શાહ

Music Producer & Ad. Film Maker

HILPAN SHAH IS A MUSIC PRODUCER, AD FILM MAKER & A GRAPHIC DESIGNER WITH SPECIALISED IN TYPOGRAPHY & INDOOR-OUTDOOR ADVERTISEMENT. BESIDES MANAGING HIS GRAPHIC DESIGN & MUSIC PRODUCTIONS, HILPAN SHAH IS A KEEN VOCALIST, COMPOSER & PRODUCER OF ELECTRO ACOUSTIC MUSIC. HE HAS FOUND THE TIME TO NURTURE HIS PASSION, COMPOSING A FUSION OF ELECTRONIC & LIVE MUSIC. “ I BEGAN COMPOSING MUSIC AS A HOBBY & IT IS STILL A HOBBY. “ BEGINNING BY SINGING BOLLYWOOD COVERS & GUJARATI SONGS MAINLY, FOR OVER THAN 200 SOLO CONCERTS, HE THEN BEGAN MAKING RADIO JINGLES & TV COMMERCIALS, GUJARATI FUSION, LIVE CONCERTS, THEATRE & PERFORMANCES. HE COMPOSED PLENTY OF DEVOTIONAL & REGIONAL ALBUMS. HE EVEN RECORDED MANY SONGS FOR GUJARATI URBAN FILMS LIKE KEVI RITE JAISH, WRONG SIDE RAJU, LOVE NI BHAVAI. SINCE THEN, HE PASSIONATELY ESTABLISHED HIS HOBBY & CREATED A UNIQUE STYLE OF HIS OWN AND HAS BECOME A ICONIC IMAGE FOR MUSIC RECORDING, FILM & LIVE CONCERTS. IN THE FIELD SINCE 26 YEARS, HILPAN TODAY WORKS IN HIS OWN WAY AND BELIEVES IN DELIVERING RESULTS THAT WORKS WONDERS FOR THE PEOPLE.

# શારદા મંદિર
શતાબ્દી વર્ષ



## સાહિત્યોત્સવ

**1લી ડિસેમ્બર 2023 - શુક્રવાર બપોરે 3:30 વાગ્યે**

વાર્તા રે વાર્તા

## સુધા ચિંતન ભટ્ટ

શારદામંદિર વિનયમંદિર
ઉચ્ચતર માધ્યમિક શાળાનાં નિવૃત્ત શિક્ષિકા,

શારદામંદિર સાથેના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સતત જોડાયેલા રહ્યાં છે. મુંબઈ યુનિવર્સિટીમાંથી M.A. ( ગુજરાતી - હિંદી ) તેમજ ગુજરાત યુનિવર્સિટીમાંથી B.Ed. ( ગુજરાતી - English ) ની ડિગ્રી મેળવી છે. બાળવાર્તાઓ, કાવ્યો, નિબંધો, અનુવાદ, વાનગી જેવા વિવિધ વિષયો પર તેમનાં પુસ્તકો પ્રગટ થયાં છે. ટી.વી. રંગમંચ અને રેડિયો ઉપર અનેક કાર્યક્રમો ઉપરાંત કાર્યક્રમ સંચાલનનો તેઓ બહોળો અનુભવ ધરાવે છે. સમાચારપત્રોમાં તેમની નિયમિત કૉલમો આવતી રહી છે. વર્તમાનમાં ' ગુજરાત સમાચારની ' રવિપૂર્તિ'માં ' રસવલ્લરી ' કટાર દ્વારા તેઓ કલાવિષયક લેખો નિયમિતપણે લખી રહ્યાં છે.

**શારદા મંદિર**
શતાબ્દી વર્ષ



# સાહિત્યોત્સવ

**1લી ડિસેમ્બર 2023 - શુક્રવાર બપોરે 3:30 વાગ્યે**

વાર્તા રે વાર્તા

## અનુરાધા દેરાસરી

કોલમિસ્ટ

નાનપણથી જ ભાષામાં રસ ધરાવનાર અનુરાધાબહેનની જર્નાલિઝમમાં કોલમિસ્ટ તરીકેની શરૂઆત ' સખી ' મેગેઝીનથી થઈ. 'સખી'માં મહિલાઓના વિષયોની લોકપ્રિયતાથી પ્રેરાઈને વર્તમાનપત્ર ' જયહિંદ 'માં બહેનોનું કોલમ લખ્યું. આ પછી સામયિક ' શ્રી 'માં બહેનોના વિષયના વિવિધ લેખો લખતાં રહ્યાં અને સાથે ફ્રિ-લેન્સ જર્નાલિઝમ સ્વીકારી, ' ફ્રિલિંગ્સ ' જેવા મેગેઝિનોમાં પણ તેમનાં લેખો છપાતા રહ્યા. તે થકી, ગુજરાત સમાચારની બુધવારની પૂર્તિ, શતદલમાં, ગૃહમાધુરીના પાના પર અનુરાધાબહેનની કોલમ આજ સુધી ' વામાવિશ્વ 'ના લોગો ( ટાઈટલ ) નીચે ચાલી રહી છે અને લોકપ્રિય બની છે. સ્ત્રીઓનાં અંતરંગ વિષયો અંગેના તેમના ત્રણ પુસ્તકો ' નારી - વિચારોનું મોરપીંછ, ' ' નારીવિચારોનું ગોકુળધામ ' અને ' ગૃહિણી ગૃહમુચ્યતે ' - પ્રથમ ચરણ છે. વર્તમાનમાં તેઓ ગુજરાત સમાચારની બાળપૂર્તિ 'ઝગમગ'માં પણ નિયમિતપણે બાળકો માટે વાર્તાઓ લખી રહ્યાં છે.


# શારદા મંદિર
શતાબ્દી વર્ષ



## સાહિત્યોત્સવ
**1લી ડિસેમ્બર 2023 - શુક્રવાર સાંજે 4:15 વાગ્યે**
વાર્તાલાપ

## રામ મોરી
વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર અને સ્ક્રિન રાઈટર

ગુજરાતી ભાષાના જાણીતા વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર અને સ્ક્રિન રાઈટર. વર્ષ 2017 માં જ્યારે દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા યુવા પુરસ્કાર રામ મોરીને મળ્યો ત્યારે એ દેશનો સૌથી નાની ઉંમરનો લેખક હતો જેને લેખન માટે નેશનલ એવોર્ડ મળ્યો હોય. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા એમને આ વર્ષે યુવા ગૌરવ પુરસ્કાર એનાયત થયો છે. ભાતીય ભાષા પરિષદ કોલકતા, ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ અને બીજી અનેક સંસ્થાઓ દ્વારા વખતોવખત લેખન માટે સન્માન પ્રાપ્ત થયું છે. ગુજરાતી ભાષામાં રામ મોરીએ મહોતું, કૉફી સ્ટોરીઝ અને કન્ફેશન બોક્સ જેવા ત્રણ પુસ્તકો લખ્યા છે. ગુજરાતી અને હિન્દી ટેલિવિઝન ક્ષેત્રે સાતેક જેટલા ટીવી શોસમાં લેખક તરીકે તેઓ કામ કરી ચૂક્યા છે જેમાં બાલિકા વધુ, ભક્તિ, દીકરી વ્હાલનો દરિયો એ જાણીતા ટીવી સીરીયલ છે. ગુજરાતી ફિલ્મો ક્ષેત્રે અત્યાર સુધી રામ મોરી મહોતું, મોન્ટુની બિટ્ટુ, 21 મું ટિફિન, કચ્છ એક્સપ્રેસ જેવી જાણીતી ફિલ્મો લખી ચૂક્યા છે. કવિ દલપતરામના જીવન પર આધારિત એકોક્તિ દાખે દલપતરામ પણ તેઓ લખી ચૂક્યા છે. ગુણવંતરાય આચાર્યની નવલકથા પર આધારિત મ્યૂઝિકલ નાટક ‘હાજી કાસમ તારી વીજળી’ના તેઓ લેખક છે. હાલ તેઓ મહાત્મા ગાંધીજી સ્થાપિત પ્રકાશન સંસ્થા - નવજીવન ટ્રસ્ટમાં મીડિયા કમ્યુનિકેશન અને પબ્લીસીટી ડિપાર્ટમેન્ટ સંભાળી રહ્યા છે. સાબરમતી સેન્ટ્રલ જેલ સહિત બીજી પાંચેક જેટલી કોલજેમાં તેઓ વીઝીટીંગ ફેકલ્ટી તરીકે વિધાર્થીઓને ક્રિએટીવ રાઈટીંગ અને સ્ક્રીપ્ટ રાઈટીંગ જેવા વિષયો ભણાવે છે.



# સાહિત્યોત્સવ

**1લી ડિસેમ્બર 2023 - શુક્રવાર બપોરે 4:15 વાગ્યે**

બાળફિલ્મ પ્રસ્તુતિ

## નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ

ગુજરાતીના મૂર્ધન્ય કવિ નિરંજન ભગતના આદર્શો અને વારસાને જીવંત રાખવા અને તેમનો પ્રસાર કરવાના હેતુથી કવિના પરિવાર અને મિત્રોના સહયોગથી નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટની સ્થાપના તેમના અવસાન બાદ કરવામાં આવી હતી અને વર્તમાનમા વિવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. અશોક વાજપેયી, ગણેશ દેવી, સિતાંશુ યશશ્ચંદ્ર અને ગુલામ શેખ જેવા અગ્રણી સાહિત્યકારોના વ્યાખ્યાનો યોજવા ઉપરાંત, ત્રિદિપ સુહૃદ, હરીશ મીનાશ્રુ અને રમણ સોની જેવી આગવી પ્રતિભાઓને સ્મારક પુરસ્કાર આપવામાં આવે છે, તથા ગુજરાતી ભાષા-સાહિત્યમાં સંશોધનાત્મક અભ્યાસાર્થે વાર્ષિક સ્કોલરશિપનું આયોજન કરવામાં આવે છે. નિરંજન ભગતે આપેલા સૂત્ર, ‘ માધ્યમ ગુજરાતી, ઉત્તમ અંગ્રેજી ’ને અનુલક્ષીને યોજવામાં આવેલા પ્રકલ્પમાં ગુજરાતી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓનું અંગ્રેજી ભાષા ઉપરનું પ્રભુત્વ સુદ્રઢ બને તે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. અમદાવાદ યુનિવર્સિટીમાં ‘ A Different Evening ’ હેઠળ ફિલ્મ-ક્લબ અને શાળાનાં વિદ્યાર્થીઓ માટે ચિલ્ડ્રન્સ ફિલ્મ-ક્લબ ચાલી રહી છે. આ સાથે પ્રકાશન-કાર્ય તથા નિરંજન ભગતની હસ્તલિખિત પ્રતોની સાચવણીનું કામ પણ નિરંજન ભગત આર્કાઈવ્ઝ હેઠળ ચાલી રહ્યું છે.

# શારદા મંદિર
## શતાબ્દી વર્ષ



## સાહિત્યોત્સવ

**1લી ડિસેમ્બર 2023 - શુક્રવાર સાંજે 5:00 વાગ્યે**

વાતનું વતેસર -નાટક

## અર્ચન ત્રિવેદી

કલાકાર

કલાકારોનો પરિચય

**નવીન રાવલ**


મ્યુનિસિપલ કોર્પોરેશનના નિવૃત્ત અધિકારી. 70 વર્ષથી રંગભૂમિ, ટેલિવિઝન, ફિલ્મોના ખૂબ જાણીતા કલાકાર. નેચરલ એક્ટર તરીકે ગુજરાતનું પહેલું નામ.

**અર્ચન ત્રિવેદી**

બાળ કલાકાર તરીકે પહેલું સ્ટેજ પરફોર્મન્સ શ્રી અમિતાભ બચ્ચનજી અને વહિદા રહેમાનજીની હાજરીમાં કર્યું હતુ. ત્યાર પછી સ્ટેજ, દૂરદર્શન, ઈસરો, 40 ગુજરાતી ફિલ્મ, 7 હિન્દી ફિલ્મ તેમને ફાળે જાય છે. ગુજરાત રાજ્ય ગૌરવ પુરસ્કારથી સન્માનિત થયેલા ઉપરાત બીજા 32 એવોર્ડથી સન્માનિત થયેલા અર્ચન ત્રિવેદીને શેક્સપિયરના ગ્લોબ થીયેટરમાં બે વખત પરફોર્મન્સ આપવાનું અને વર્ષ 2019 માં ફિલ્મ ફેડરેશન ઓફ ઇન્ડિયા ઓસ્કાર એવોર્ડ સિલેક્શન કમિટી મેમ્બર તરીકે પણ પસંદગી પામવાનું સદભાગ્ય મળ્યું છે.

**જિગીષા ત્રિવેદી**

દિવ્ય ભાસ્કરની મધુરિમા પૂર્તિમાં છેલ્લા 8 વર્ષથી ‘ હળવાશ ’ કોલમના લેખિકા છે, અને ઓલ ઇન્ડિયા રેડિયો આકાશવાણીમાં એઇડ્સ અવરનેસ, બ્લડ ડોનેશન અને બીજા લોક જાગૃતિના કાર્યક્રમ અંતર્ગત લગભગ 250થી વધુ એપિસોડ લખેલ છે.




# સાહિત્યોત્સવ

**2જી ડિસેમ્બર 2023 - શનિવાર સવારે 9:15 વાગ્યે**

ચાંદામામા, સૂરજદાદા, ચન્દ્રયાન અને
આદિત્ય-L1 ની રસપ્રદ વાતો

## ચિંતન ભટ્ટ

ગુજરાત યુનિવર્સિટીમા બી. ઇ. ( ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન ) અને એમ. ઇ. ( ઇલેક્ટ્રોનિક્સ ) શિક્ષણ મેળવ્યુ છે. ઇસરોએ શ્રી ચિતન ભટ્ટને ‘ડિસ્ટીંગવિશ્ડ એચિવમેન્ટ એવોર્ડ’થી નવાજેલા છે. વર્ષ 1972 થી 2009 સુધી અંતરીક્ષ ઉપયોગ કેન્દ્ર ( ઇસરો ), અમદાવાદ ખાતે વૈજ્ઞાનિક / ઇજનેર તરીકે ઉપગ્રહ આધારિત સંચાર પદ્ધતિના વિવિધ ઉપકરણો અને પ્રણાલીઓના સંચાલન, સંશોધન અને વિકાસ અંગે કાર્યરત રહેલા છે. સાથે સાથે તેમણે એન્જીનિયરીંગ કોલેજો અને ઈસરોના શૈક્ષણિક કાર્યક્રમોમાં ( પ્રવાસી ) અધ્યાપન કર્યુ છે.તેઓ ઇન્સ્ટિટ્યુશન ઓફ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલિકમ્યુનિકેશન એન્જીનિઅર્સ ( આઇ.ઇ.ટી.ઇ. ) અને બ્રોડકાસ્ટ એન્જીનિઅરીંગ સોસાયટીના ( બી.ઇ.એસ. ) ફેલો તેમજ કાર્યકારી સમિતિના સક્રિય સભ્ય. આઇ.ઇ.ટી.ઇ. – અમદાવાદ કેન્દ્રના અધ્યક્ષ રહી ચૂકેલા છે. લોકમાનસ સુધી વિજ્ઞાન અને ટેકનોલોજી પહોંચાડવા માટે તેમજ સામાન્ય જન સમુદાયમાં વૈજ્ઞાનિક અભિગમ ઉજાગર થાય તે હેતુથી ઇસરોમાંથી નિવૃત્તિ પછી; ઇસરો - પ્રદર્શનમાં જોડાયેલા રહ્યા. વર્તમાનપત્રોમાં સરળ અને સુગ્રાહ્ય ગુજરાતી ભાષામાં વિજ્ઞાન કટાર લેખન, માસિકોમાં વિજ્ઞાન વિષયક લેખમાળાનું તેમજ વિજ્ઞાન વિષયક પુસ્તકો અને પરિચય પુસ્તિકાઓનું પ્રકાશન પણ કરેલુ છે.



# સાહિત્યોત્સવ

**2જી ડિસેમ્બર 2023 - શનિવાર સવારે 10 વાગ્યે**

સ્વાસ્થ્ય અને સફળતાની જાદુઈ ચાવી - શ્લોકાવલિ

## પાર્થિવી અધ્યારુ

લેખિકા અને સામાજિક તથા સાંસ્કૃતિક કાર્યકર્તા

પાર્થિવી પત્રકારત્વ અને લેખનકલામાં છેલ્લા 20 વર્ષથી સક્રિયપણે કાર્યરત છે. માતૃભાષા તથા આધ્યાત્મિક અને વૈદિકસંસ્કૃતિની વિચારધારાના પ્રચાર અને પ્રસાર અંગે તેઓ અવનવા પ્રકલ્પ પર કામ કરે છે. તેઓ 'Poetree - કવિતાનું કલ્પવૃક્ષ' અને 'આત્મવિકાસ - A journey towards self-growth and happiness' જેવી સામાજિક સંસ્થાઓના સંસ્થાપક છે. આ ઉપરાંત સંસ્કૃત અને સંસ્કૃતિના સંરક્ષણ માટે તેઓ રચનાત્મક કામ કરે છે. આ સાથે સમાજસેવાલક્ષી વિવિધ કાર્યોમાં ગ્રામીણ બાળકો અને મહિલાઓના ઉત્કર્ષ અને રોજગારી માટે નવી પેઢીનાં બાળકોમાં તે પ્રત્યે સજાગતા લાવે છે. અત્યાર સુધીમાં તેઓએ 19 જેટલા ગુજરાતી પુસ્તકોનું આલેખન અને સંપાદન કરીને સમાજને એક અમૂલ્ય ભેટ આપી છે.



# સાહિત્યોત્સવ

**2જી ડિસેમ્બર 2023 - શનિવાર સવારે 10 વાગ્યે**

શારદામંદિરના ગીતો

## હેતલ રાવલ

ગાયિકા

સંગીત ની તાલીમ સૌ પ્રથમ પૂજ્ય રમણભાઈ દવે પાસે થી લીધી. ત્યાર પછી સંગીત વિશારદ કર્યું સુગમ સંગીતની તાલીમ શ્રી. ગૌરાંગભાઈ વ્યાસ અને રાસબિહારી દેસાઇ પાસે થી લીધી છે. 32 વર્ષ થી પ્રોફેશલ સિંગર તરીકે ની કારકિર્દી છે.દેશ વિદેશમાં અનેક કાર્યક્રમો આપેલ છે.ગુજરાતી ફિલ્મો માં playback singing કરેલ છે. લગ્ન ગીત મહેંદી ગીત સંગીત સંધ્યા, રાસ ગરબા, ભજન, Bollywood Songs, રાજસ્થાની, મારવાડી ગીતો એમ દરેક પ્રકારના ગીતોના programmes આપે છે. સંગીત મને વારસામાં મારા પિતાશ્રી મારુતિભાઈ ત્રિવેદી પાસેથી મળેલ છે.

## શારદા મંદિર
શતાબ્દી વર્ષ



# સાહિત્યોત્સવ

**2જી ડિસેમ્બર 2023 - શનિવાર સવારે 10:45 વાગ્યે**

કલા-સંવાદ

## નયના સોપારકર

કલાકાર

NAYANA SOPARKAR IS A MICROBIOLOGY GRADUATE, WHO SHAPED AS A SELF-TAUGHT ARTIST AND SCULPTOR UNDER THE MENTORSHIP OF ARTIST K. D. PARMAR. SHE HAS BEEN PRACTICING SCULPTING DAILY FOR 7+ HOURS. HER SHOW GARNERED A CRITICALLY POSITIVE RESPONSE. HER ART WORKS HAVE NO AGE LIMITATIONS AND CAN ENTERTAIN FROM A 6-YEAR OLD TO A 90-YEAR OLD WITHIN FRACTION OF SECONDS. NAYANA'S SCULPTURES AND INSTALLATIONS HAVE BEEN RECOGNISED BY INDIAN FINE ARTS AND CRAFT SOCIETY. RECEIVED AWARD IN 2003. HER ART WORKS SELECTED BY GUJARAT STATE LALITKALA AKADEMI, FOR STATE SPONSORED SHOW IN 2003, 2004, 2005, 2007, 2008, 2011, 2015, 2017, 2022, 2023. SHE HAS PARTICIPATED IN MANY GROUP SHOWS AND EXHIBITIONS, WITH ART INSTALLATIONS. AS AN ART CURATOR, SHE CURATED MORE THAN 40 SHOWS. SHE IS FORMER ART GALLERY OWNER ALSO. TWO OF HER MOST PRESTIGIOUS CURATED ART SHOWS ARE CHHOTI RICKSHAW BADDI SAVARI AND CHHOTA BAT BADDA SCORE, WHERE HUNDREDS OF PARTICIPANTS FROM ALL WALKS OF LIFE HAD SHOWCASED THEIR ARTISTIC SKILLS.

**શારદા મંદિર**
શતાબ્દી વર્ષ



# સાહિત્યોત્સવ

**2જી ડિસેમ્બર 2023 - શનિવાર સવારે 10:45 વાગ્યે**

કાગળની કરામત

## મોનાબહેન શોધન

આર્કિટેક

વ્યવસાયે આર્કિટેક. શારદામંદિરની, વર્ષ 1964ની બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થિની. અમદાવાદની સ્કૂલ ઑફ આર્કિટેક્ચરમાંથી સ્નાતક થયા બાદ આર્કિટેક તરીકે, મુખ્યત્વે લેન્ડસ્કેપનું કામ કર્યું. કેટલોક વખત શારદામંદિરમાં શિક્ષિકા તરીકે પણ સેવા આપેલી છે. કાગળમાંથી આકૃતિઓ બનાવવાની જાપાની કળા ઓરિગામીનો શોખ છેલ્લા ત્રીસેક વર્ષથી છે. તેમાં તેઓ જાતજાતનું શીખતા રહ્યાં, શીખવતા રહ્યાં અને રસને કારણે આજે પણ તેઓ શીખવાડે છે તેમજ પોતે પણ શીખતા રહે છે.

# શારદા મંદિર
શતાબ્દી વર્ષ



## સાહિત્યોત્સવ

**2જી ડિસેમ્બર 2023 - શનિવાર બપોરે 12:15 વાગ્યે**

વિધાર્થીઓ સાથે ગોષ્ઠિ - મોડર્ન એજ - કરિઅર

## આર.જે. પૂજા

ડિજિટલ ક્રિએટર, રેડિયો જોકી

POOJA DALAL DHOLAKIA POPULARLY KNOWN AMONG HER FANS AS RJ POOJA IS A NAME SYNONYMOUS WITH LITERATURE, ART AND CULTURE. HER CAREER SPANS OF MORE THAN A DECADE AND A HALF IN THE RADIO INDUSTRY AS A RADIO JOCKEY, AND HER INIMITABLE FLAIR AS A STORYTELLER, WRITER, BLOGGER, COMPERE, HOSTESS, AND AN ARTIST. EXTREMELY PASSIONATE ABOUT READING, HER PENCHANT FOR READING LED HER TO EMULATE STORIES IN HER VACHIKAM SERIES. THE YEAR 2007 AND 2009 SAW HER PERFORMING A VACHIKAM SERIES AT THE INTERNATIONAL DRAMA FESTIVAL HELD BY THE NATIONAL SCHOOL OF DRAMA. SHE HOSTS MANY LIVE EVENTS, SHOWS, GATHERINGS AND PROFESSIONAL MEETS. RECENTLY, SHE GOT AWARDED AS THE BEST RJ OF THE YEAR TITLE BY OUR HON’BLE CHIEF MINISTER SHRI BHUPENDRA BHAI PATEL AT GUJARAT MEDIA AWARDS. HAVE ALSO BEEN PART OF THE TEAM RANGMANCH – THE RADIO DRAMA SHOW WHICH WON GOLD AT PRESTIGIOUS GOLDEN MIKE AWARD, ACEF GLOBAL CUSTOMER ENGAGEMENT AWARD AND THIS YEAR.

**શારદા મંદિર**
શતાબ્દી વર્ષ



## સાહિત્યોત્સવ

**2જી ડિસેમ્બર 2023 - શનિવાર બપોરે 12:15 વાગ્યે**
વિદ્યાર્થીઓ સાથે ગોષ્ઠિ - મોડર્ન એજ - કરિઅર

## જુમાના શાહ

જર્નાલિસ્ટ

JUMANA IS A CAREER JOURNALIST WHO HAS WORKED WITH NEWSPAPERS, TV CHANNEL AND DIGITAL PLATFORMS. CURRENTLY, SHE IS SR ASSOCIATE EDITOR WITH INDIA TODAY MAGAZINE. SHE WRITES ABOUT POLITICS, POLICY AND ENVIRONMENT AMONG A PLETHORA OF OTHER TOPICS. SHE ALSO PREPARES THE NEXT GENERATION OF JOURNALISTS. SHE IS A VISITING FACULTY AT MULTIPLE UNIVERSITIES, INCLUDING BHAVANS AND AHMEDABAD UNIVERSITY. TEN YEARS AGO, JUMANA WAS IN THE FOUNDING TEAM OF THE GUJARAT LITERATURE FESTIVAL WHERE SHE IS A DIRECTOR TODAY. BESIDES, SHE IS A PHOTOGRAPHER AND CERTIFIED SCUBA DIVER.

# સાહિત્યોત્સવ

**2જી ડિસેમ્બર 2023 - શનિવાર બપોરે 1:45 વાગ્યે**


નવી એજ્યુકેશન પોલિસી જાણકારી



## ઉત્પલ ભટ્ટ

LOKPAL ( MNREGA )

ઉત્પલ ભટ્ટ ગુજરાત સરકારના લોકપાલ છે, તેઓ પોતે પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ (UGC) છે અને સોફ્ટ સ્કિલ્સ ટ્રેઇનર (NSDC) પણ છે. તેમને ઓગસ્ટ 2022માં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મૂર્મુ દ્વારા સન્માન મળ્યું હતું. તેઓ 7 વર્ષ કેનેડામાં ઇમિગ્રેશન ઓફિસર રહી ચૂક્યા છે. તેઓ મોટિવેશનલ ફિલ્મ મેકર છે અને તેમણે ઈ-ટીવી ગુજરાતી ચેનલ લોન્ચ કરી હતી. બિલિમોરાના આદિવાસી વિસ્તારમાં તેઓ MSW કોર્સ ચલાવે છે તથા તાપી, નવસારી, ડાંગના આદિવાસી વિસ્તારોમાં 15 વર્ષથી ‘શિક્ષણ થકી સશક્તિકરણ’ અભિયાન ચલાવે છે. અંતરિયાળ ગામોમાં ‘સરકાર આપને દ્વાર’ કાર્યક્રમ ચલાવનાર તેઓ દેશના એકમાત્ર લોકપાલ છે.



# સાહિત્યોત્સવ

**2જી ડિસેમ્બર 2023 - શનિવાર બપોરે 1:45 વાગ્યે**

ચાલો આપણે એક વાર્તા લખીએ

## યામિની પટેલ

સાહિત્યકાર

શારદા મંદિર ગુજરાતી માધ્યમની 1980 બૅચના વિદ્યાર્થિની, મુંબઈના યામિની પટેલ લેખન અને વિઝ્યુઅલ મીડિયા બંને ક્ષેત્રમાં કાર્યરત છે. તેમણે બી. કોમ., કમ્પ્યુટર પ્રોગ્રામિંગ ડિપ્લોમા, ફૉરેન્સિક સાયકૉલોજી ડિપ્લોમા સ્ક્રિપ્ટ રાઇટીંગ વર્કશોપ, ઇન્ટરનેશનલ ફિલ્મ અપ્રિસિએશન વર્કશોપ, વોઇસ, સ્પીચ, ઍક્ટિંગ વર્કશોપ તેમ જ ફીચર ફિલ્મ રાઇટિંગનો અભ્યાસ કરેલ છે. વ્યવસાયે એકાઉન્ટ અને ફાઇનાન્સ હેડ હોવા છતાં શબ્દો સાથે એટલો જ લગાવ. તેમણે નવલકથા, નાટકો, ટૂંકી વાર્તાઓ, લઘુકથાઓ, માઇક્રોફિક્શન, નિબંધો, હાસ્યલેખો, એકાંકીઓ, કવિતાઓ, બાળવાર્તાઓ, અહેવાલો, અનુવાદો, સ્મૃતિલેખો, ફિલ્મ રીવ્યુ, ગીતો તેમ જ ફિલ્મ સ્ક્રિપ્ટ લખેલ છે. એમની કૃતિઓ છાપાં, મેગેઝિન તેમ જ આકાશવાણી પરથી પર રજૂ થયેલ છે. “આલંભ” મર્ડર મિસ્ટરી ગુજરાતી નવલકથા પ્રકાશિત થયેલ છે. 2019ની ચિત્રલેખા નાટ્ય સ્પર્ધામાં એમનું લખેલ ફૂલ લેન્થ નાટક “તું અને હું” એવોર્ડ મેળવેલ છે. “કર્મયોગી નમો લઘુપટ સ્પર્ધા 2022” સ્પર્ધામાં એમણે લખેલ, ડાઇરેક્ટ કરેલ તેમ જ ઍડિટ કરેલ શૉર્ટ ફિલ્મ “અક્ષરણ મોદી”ને ત્રીજો ઍવોર્ડ મળેલ છે.“સીમા” નામની શૉર્ટ ફિલ્મ જે એમણે લખી, ડાઇરેક્ટ કરી અને પ્રોડ્યુસ કરેલી તેને ભારત ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રથમ ઍવોર્ડ મળેલ છે. કમલેશ મોતા આંતરરાષ્ટ્રીય એકોક્તિ સ્પર્ધા તેમ જ બીજી એકોક્તિ સ્પર્ધાઓમાં ઘણા ઍવોર્ડ મેળવેલ છે. એમની લખેલ અંગ્રેજી ફીચર ફિલ્મ સ્ક્રિપ્ટ ઇન્ટરનેશનલ લેવલે 154 સ્ક્રિપ્ટમાંથી હાલમાં જ ટોપ 20માં સિલેક્ટ થઈ છે.

## શારદા મંદિર
શતાબ્દી વર્ષ



# સાહિત્યોત્સવ

**2જી ડિસેમ્બર 2023 - શનિવાર બપોરે 1:45 વાગ્યે**

ફિલ્મ મેકિંગ, પરદાની આગળ અને પાછળનો તફાવત

## અદિતિ ઠાકોર

ફિલ્મ મેકર

ADITI THAKOR IS A FILMMAKER AND FILM EDUCATIONIST WITH POST GRADUATE STUDIES IN FILM FROM PUNE. SHE IS A WRITER, DIRECTOR, LYRICIST, MUSIC COMPOSER, CHOREOGRAPHER SOUND DESIGNER, PRODUCTION DESIGNER AND PRODUCER. SHE IS WELL KNOWN FOR HER FEATURE FILM BHANWAR THAT HAS WON 14 AWARDS NATIONALLY AND INTERNATIONALLY INCLUDING 6 AWARDS BY GUJARAT STATE GOVERNMENT. SHE HAS MADE OVER 50 FILMS INCLUDING DOCUMENTARIES, AD FILMS AND CORPORATE FILMS. SHE ALSO HAS RECENTLY VISITED IRAN AND WRITTEN A BOOK WITH 88 SHORT STORIES ON IT, FOR WHICH FORWARD IS WRITTEN BY BOMAN IRANI AND INTRODUCTION BY JAY VASAVADA. THIS BOOK WILL BE PUBLISHED SOON. SHE IS A KATHAK DANCER AND HAS RECENTLY GIVEN 12 PERFORMANCES IN FRANCE WITH HER GURU SMT. MADHAVI JHALA.

**શારદા મંદિર**
શતાબ્દી વર્ષ

## સાહિત્યોત્સવ

**2જી ડિસેમ્બર 2023 - શનિવાર બપોરે 3:30 વાગ્યે**

રુડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું



## શ્યામ પારેખ

એડિટર અને જર્નાલિસ્ટ

SHYAM PAREKH IS AN EDITOR AND A SENIOR JOURNALIST, TURNED MEDIA EDUCATOR. HE IS ALSO THE FOUNDER OF GUJARAT LITERATURE FESTIVAL AND WORKS AS DIRECTOR OF BHARATIYA VIDYA BHAVAN'S RAJENDRA PRASAD INSTITUTE OF COMMUNICATION AND MANAGEMENT ( RPICM ). HE CURATED AND SET-UP KANTI BHATT MEMORIAL - A FIRST SUCH MEMORIAL, READING ROOM AND LECTURE HALL DEDICATED TO THE MEMORY OF AN AUTHOR-JOURNALIST KANTI BHATT.



# સાહિત્યોત્સવ


**2જી ડિસેમ્બર 2023 - શનિવાર બપોરે 3:30 વાગ્યે**

રુડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું

## અમર ભટ્ટ

સંગીતકાર

કોલંબિયા યુનિવર્સીટીમાં માસ્ટર્સ ઓફ લૉઝનો અભ્યાસ કરનાર અમર ભટ્ટ, વ્યવસાયે વકીલ છે. નિજાનંદે સંગીતકાર છે. તેઓ શ્રીમતી લીલા ખાંડેકર, પંડિત કૃષ્ણકાંત પરીખ અને ઉસ્તાદ ગુલામ અહેમદ ખાન પાસે શાસ્ત્રીય સંગીત શીખ્યા અને શ્રી ક્ષેમુ દિવેટિયા, શ્રી રાસબિહારી દેસાઈ અને શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય પાસેથી સુગમ સંગીત શીખ્યા છે. અગસ્ત્ય ફાઉન્ડેશન દ્વારા અમર ભટ્ટનાં સ્વરાંકનોનાં 15 આલબમ્સ પ્રકાશિત થયાં છે, જેમકે શબ્દનો સ્વરાભિષેક, ગીતગંગોત્રી, જિંદગી તમામ ગઝલ, વગેરે. તેમણે ગુજરાત વિશ્વકોશમાં 'કાવ્યસંગીત શ્રેણી' અંતર્ગત કાવ્યસંગીતના 50 થી વધુ કાર્યક્રમો કર્યા છે, જેમાં રમેશ પારેખ, મનોજ ખંડેરિયા, મકરન્દ દવે, સુન્દરમ, નિરંજન ભગત, હરીન્દ્ર દવે, પ્રિયકાન્ત મણિયાર, અમૃત ઘાયલ, રઘુવીર ચૌધરી, રાવજી પટેલ, સિતાંશુ યશશ્ચંદ્ર જેવા કવિઓની રચનાઓ પઠન અને ગાન સ્વરૂપે રજૂ કરી છે. આ ઉપરાંત ગુજરાતીમાં અનૂદિત વિશ્વની અન્ય ભાષાઓની કવિતાઓ ગેય સ્વરૂપે રજૂ કરી છે. કાવ્યસંગીત આસ્વાદના લેખો, કપરા સમયમાં વાંચેલાં પુસ્તકો, થયેલ સ્વરાંકનો, જોયેલ ફિલ્મ્સ વિષે લેખો લખેલી તેમની લેખમાળાઓ પ્રકાશિત થયેલી છે. ગુજરાતમાં આવેલી કોઈ પણ માધ્યમની શાળા, ગુજરાતી વિષય ફરજિયાત ભણાવે એ માટે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી પીઆઈએલમાં વકીલ તરીકે અર્ચિત જાની સાથે સક્રિય ભાગ ભજવ્યો હતો અને એ રીતે "રુડી ગુજરાતી વાણી રાણી"ના વકીલ બનવાનું સદ્ભાગ્ય મળ્યું છે.



## સાહિત્યોત્સવ

**2જી ડિસેમ્બર 2023 - શનિવાર બપોરે 3:30 વાગ્યે**


રુડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું

## રાજેન્દ્ર પટેલ

કવિ, લેખક

રાજેન્દ્ર પટેલ કવિ, લઘુકથા લેખક વિવેચક છે. તેમની નોંધપાત્ર કૃતિઓમાં જુઈની સુગંધ, શ્રી પુરંત જાણશે અને અવગત ( વિવેચન સંગ્રહ )નો સમાવેશ થાય છે. ગુજરાત સાહિત્ય અકાદમીએ તેમને તેમની કવિતાઓ, ટૂંકી વાર્તાઓ અને વિવચનો બદ્દલ ત્રણ વખત સન્માનિત કર્યા છે. તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના ખજાનચી તરીકે સેવા આપી છે; તે સિવાય તેમણે સાહિત્ય અકાદમી, નવી દિલ્હી ખાતે ગુજરાતી ભાષાના સલાહકાર બોર્ડના સભ્ય તરીકે : ‘ વાંચે ગુજરાત અભિયાન ’ના સંયુક્ત સચિવ તરીકે : ગુજરાતી સાહિત્ય પરિષદના સચિવ તરીકે : અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ તરીકે ફરજ બજાવી છે. હાલમાં તેઓ માતૃભાષા અભિયાન, અનુવાદ પ્રતિષ્ઠાનના ડાયરેક્ટર અને અમદાવાદમાં ગુજરાત સાહિત્ય મહોત્સવના કેન્દ્રીય સમિતિના તથા નિરંજન ભગત મેમોરિય ટ્રસ્ટ સમિતિના સભ્ય છે. તેઓ એક ફાર્માસ્યુટિકલ કંપની પણ ચલાવી રહ્યા છે.

**શારદા મંદિર**
શતાબ્દી વર્ષ




# સાહિત્યોત્સવ

**2જી ડિસેમ્બર 2023 - શનિવાર બપોરે 3:30 વાગ્યે**

રુડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું

## અર્ચિત જાની

વકીલ

કેલિફોર્નિયા, યુએસએની લ્યુથેરાન યુનિવર્સિટીમાથી એમ.બી.એ. અને એમ. એન. નાણાવટી લો કોલેજમા એલ.એલ.બી. થયેલા શ્રી અર્ચિત જાની છેલ્લાં દસ વર્ષથી ગુજરાત હાઇકોર્ટમાં વકીલાત કરે છે. તેઓ ગુજરાતી ભાષાના ચાહક અને ગુજરાતી સાહિત્યના ભાવક તથા માતૃભાષા સંવર્ધનમાં કોઇ પણ રીતે ફાળો આપવા તત્પર છે. પ્રાથમિક શિક્ષણમાં ગુજરાતમાં કાર્યરત ગુજરાતી માધ્યમ સિવાયનાં માધ્યમોની શાળાઓ પણ ગુજરાતી વિષય તરીકે તો ફરજિયાત ભણાવે જ એ માટે તેમણે પીટીશન કરેલી અને આ બાબતે અન્ય રાજ્યોમાં છે તેવો કાયદો ગુજરાતમાં પણ બને તે માટે સરકાર સમક્ષ રૂબરૂ અને લેખિત રૂપે કરેલી રજૂઆતના ફળસ્વરૂપે, 28 ફેબ્રુઆરી 2023 ના દિવસે ગુજરાત વિધાનસભાએ આ અંગે મહત્ત્વનુ બિલ પસાર કર્યું.



# સાહિત્યોત્સવ

**2જી ડિસેમ્બર 2023 - શનિવાર સાંજે 4:15 વાગ્યે**

‘ ક કાળજીનો ક ‘ વાલી, શિક્ષક અને બાળક
અનોખો ત્રિવેણી સંગમ

## તુષાર શુક્લ

કવિ, સાહિત્યકાર

ગુજરાતી સાહિત્ય અને સગીતમાં ખૂબ જાણીતું નામ એટલે તુષાર શુક્લ. અનેક લોકપ્રિય ગીતોના રચનાર આ કવિ ગીતકાર, લેખક, નાટ્યકાર, સ્ક્રીન રાઈટર, રેડિયો એન્કર અને અભિનેતા એવા અનેક આયમો સાથે જાણીતા છે. ગુજરાત યુનિવર્સિટીમાં જર્નાલિઝમ વિભાગના યુવા પ્રતિભાના માર્ગદર્શક છે. તેમના પિતા દુર્ગેશ શુકલ શારદામંદિરના શિક્ષક, તથા જાણીતા સાહિત્યકાર હતા, આકાશવાણી - અમદાવાદમાં લેખક, ઉદબોધક હતા. આકાશવાણી રાજકોટના કેન્દ્ર નિયામક પદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ. ચીમનભાઇ ત્રિવેદી, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, રમણલાલ જોશી તેમના સાહિત્યગુરુ. આકાશવાણી પર બહુ જ લોકપ્રિય કાર્યક્રમ 'શાણાભાઈ-શકરાભાઈ'ના સફળ સંચાલનથી કારકિર્દીનો પ્રારંભ. મનજીભાઈ નામના લોકપ્રિય રેડીયો - પાત્રના સર્જક.

શારદા મંદિર
શતાબ્દી વર્ષ

# સાહિત્યોત્સવ

2જી ડિસેમ્બર 2023 - શનિવાર સાંજે 5:30 વાગ્યે


RELEVANCE OF SCIENCE FICTION



## સૌમિલ ઉદયન શાહ

Hacker

A HACKER BY PROFESSION AND AN EXPLORER BY DISPOSITION, SAUMIL IS THE FOUNDER AND CEO OF NET-SQUARE, PROVIDING CUTTING EDGE INFORMATION SECURITY SERVICES TO CLIENTS ACROSS THE WORLD. AN INTERNATIONALLY RECOGNIZED SPEAKER AND INSTRUCTOR, SAUMIL SPENDS HIS LEISURE TIME BREAKING SOFTWARE, ENJOYING SCI-FI, PLAYING SUPER MARIO, FLYING KITES, TREKKING, TRAVELLING, AND TAKING PICTURES.



# સાહિત્યોત્સવ

**2જી ડિસેમ્બર 2023 - શનિવાર સાંજે 5 વાગ્યે**

' મનદુરસ્તી '
અને
' અદભુત ' નાટકનો પરિચય

## ડો. પ્રશાંત ભીમાણી

સિનિયર સાયકોલોજિસ્ટ

ગુજરાત યુનિવર્સિટીના ગોલ્ડ મેડલિસ્ટ ડૉ. પ્રશાંત ભીમાણી સમગ્ર ભારતના સુપ્રસિદ્ધ સાઈકોલોજિસ્ટ, વક્તા અને લેખક છે. ગુજરાતના અગ્રણી અખબાર દિવ્ય ભાસ્કરની કળશ પૂર્તિમાં ડૉ. પ્રશાંત ભીમાણીની અત્યંત લોકપ્રિય કૉલમ ‘મનદુરસ્તી’ છેલ્લા 18 વર્ષથી નિયમિત પ્રકાશિત થાય છે. એમના અનેક પુસ્તકો પણ પ્રકાશિત થયેલા છે. ડૉ. પ્રશાંત ભીમાણી અવાર નવાર ટી.વી., વર્તમાન પત્રો, રેડિયો તેમજ અન્ય મિડિયામાં પોતાના અસરકારક સાઈકોલોજીકલ ઓપિનિયન આપે છે. દેશવિદેશમાં તેમના જાહેર વક્તવ્યો ખૂબ લોકપ્રિયતા પામ્યા છે અને અસંખ્ય લોકો એમની સાઈકોલોજીકલ ટીપ્સનો લાભ લઈ રહ્યા છે. CEPT University માં તેઓ સિનિયર સાયકોલોજીસ્ટ છે તથા સામાજીક સંસ્થાઓ માટે સેંકડો કાઉન્સેલર્સ ટ્રેઇન કરે છે. તેમણે વર્ષો સુધી 'ઇન્સ્ટિટયૂટ ઓફ કિડની ડિસીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર'માં બિહેવિયરલ સાયન્સ ડિપાર્ટમેન્ટના ઑનરરી હેડ તરીકે નિ:શુલ્ક સેવાઓ આપી છે. વિશ્વ વિખ્યાત 'અમેરિકન સાઈકોલોજીકલ એસોસિયેશન' ના સભ્ય ડૉ. પ્રશાંત ભીમાણી યુ.કે.ની પ્રતિષ્ઠિત ' ધ બ્રિટિશ સાઈકોલોજીકલ સોસાયટી ' તરફથી ગુજરાતના એકમાત્ર ચાર્ટર્ડ સાઈકોલોજિસ્ટ તરીકે પસંદગી પામ્યા છે, જે સમગ્ર ગુજરાતનું ગૌરવ છે.



## સાહિત્યોત્સવ

**2જી ડિસેમ્બર 2023 - શનિવાર સાંજે 6:15 વાગ્યે**

નાટક ' અદભુત '

## મનોજ શાહ અને આર. જે. દેવકી

Film & Theatre - Director & Actor

'માસ્ટર ફૂલમણિ', 'મરીઝ', 'મોહનનો મસાલો', 'અપૂર્વ અવસર', 'કાર્લ માર્ક્સ ઈન કાલબાદેવી', 'હું ચંદ્રકાંત બક્ષી'થી લઈને નર્મદ-મેઘાણી સુધીના મધ્યકાલીન સાહિત્યકારોને આવરી લેતું 'ગુજરાતની અસ્મિતા', જેવાં અઢળક નાટકો આપનારા નિર્માતા-દિગ્દર્શક એટલે ગુજરાતી રંગભૂમિ પરના મનોજ શાહ.

આરજે દેવકી એટલે ભારતની પ્રથમ નંબરની રેડિયો જોકી, એવોર્ડ વિનર અને આ મલ્ટી ટેલેન્ટેડ અભિનેત્રીના લાખો ફેન્સ માટે અમદાવાદ થિયેટર રાની. કલાકાર-કસબી મનોજભાઈએ અને આ નાટ્યઅભિનેત્રી, આરજે દેવકીએ સર્જ્યું છે.

'અદભુત'. એકપાત્રી, એકઅભિનેત્રી દેવકીએ વીજળીક ઊર્જા સાથે ભજવ્યું છે. 'અદભુત'. રંગભૂમિની પરંપરા એવી છે કે લખાયેલું નાટક તખ્તા પર ભજવાય. પણ ભજવાઈ રહેલા નાટક વચાળે પ્રેક્ષકને તખ્તા પર પ્રવેશતો જોયો છે? ગુજરાતી રંગભૂમિ ક્ષેત્રે કદાચ આ એક નવો જ ચીલો છે. મૂળ બ્રિટિશ નાટ્યલેખક ડંકન મૅકમિલનના 'એવરી બ્રિલિયન્ટ થિંગ'થી પ્રેરિત 'અદભુત'ના લેખક છે. સતચિત પુરાણિક.

# સાહિત્યોત્સવ

**1લી ડિસેમ્બર 2023 - શુક્રવાર બપોરે 3:00 સાંજે 6:00**
**2જી ડિસેમ્બર 2023 - શનિવાર સવારે 10:00 સાંજે 6:00**
યોગ, ધ્યાન, Vedic stories
Concurrent programme

## હાર્ટફુલનેસ

( શ્રી રામચંદ્ર મિશન )

heartfulness
advancing in love

હાર્ટફુલનેસ, રાજયોગ ધ્યાનની પદ્ધતિ, ‘ સહજ માર્ગ ’ તરીકે પણ પ્રચલિત છે. ફતેહગઢના શ્રી રામચંદ્રજી ( લાલાજી )ના નામ પરથી, શ્રી રામચંદ્ર મિશનની સ્થાપના 1945 માં કરવામાં આવી હતી. અને આજે, માનવતા માટેના વૈશ્વિક માર્ગની આ પદ્ધતિ હાર્ટફુલનેસ ( Heartfulness ) તરીકે પ્રચલિત છે. હાર્ટફુલનેસ એ જીવન પ્રત્યે હ્રદય-કેન્દ્રિત અભિગમ છે. દયા, પ્રામાણિકતા, સંતોષ, સત્ય, ક્ષમા, ઉદારતા અને સ્વીકૃતિ જેવા વલણો અને હ્રદયના ગુણોને આધ્યાત્મિક અભ્યાસ દ્વારા અપનાવીને તથા હ્રદયની મૂળભૂત પ્રકૃતિ પ્રેમનો સમાવેશ કરીને તમે દરેક ક્ષણ હ્રદયથી જીવી શકો છો. સ્વ-વિકાસની આ આધ્યાત્મિક પદ્ધતિ હેઠળ આજે વિશ્વભરના કરોડો લોકો, શાળાઓ, કોલેજો, નગરપાલિકાઓ, કોર્પોરેટ્સ ઓફિસો, સરકારી સંસ્થાઓમાં ધ્યાન કરી રહ્યા છે. હાર્ટફુલનેસ ધ્યાનની વિશેષતા એ છે કે ‘ તમે જ પ્રયોગ છો, તમે જ પ્રયોગકર્તા છો અને તમે પોતે જ પરિણામ છો. ’ દરેક ક્ષેત્રના, દરેક સંસ્કૃતિના, કોઈ પણ ધર્મમાં માનનારા સર્વે આ પદ્ધતિ હેઠળ ધ્યાન કરી શકે છે અને તે માટે કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી.